# આજ મારાં દેરાસરમાં

આજ મારાં દેરાસરમાં મોતીડે મેહ વરસ્યા રે (૨)
મુખડું દેખી પ્રભુ તમારું હૈયાં સૌના હરખ્યા રે (૨)
આજ મારાં દેરાસરમાં મોતીડે મેહ વરસ્યા રે (૨)

ઝગમગ ઝગમગ જ્યોતિ ઝળકે વરસે અમીરસ ધારા રે (૨)
રૂપ અનુપમ નીરખી વિકસે અંતર ભાવ અમારાં રે (૨)
આજ મારાં દેરાસરમાં ...
આજ મારાં દેરાસરમાં મોતીડે મેહ વરસ્યા રે (૨)
મુખડું દેખી પ્રભુ તમારું હૈયાં સૌના હરખ્યા રે (૨)

વીર પ્રભુની માયામાંથી ભક્તિ કેરા રંગ જમાયા (૨)
ચરણ કમળની સેવા પામી ભક્તે પ્રભુ ગૂણ ગાયા રે(૨)
આજ મારાં દેરાસરમાં ...
આજ મારાં દેરાસરમાં મોતીડે મેહ વરસ્યા રે (૨)
મુખડું દેખી પ્રભુ તમારું હૈયાં સૌના હરખ્યા રે (૨)

ભવ અનંતનો બંધ જ તુટ્યો, ભ્રમણા ભાંગી ગયી રે(૨)

વિજય વર્યો શિવપુરને પંથે, મતલબ પૂરી થયી રે (૨)

આજ મારાં દેરાસરમાં ...

આજ મારાં દેરાસરમાં મોતીડે મેહ વરસ્યા રે (૨)

મુખડું દેખી પ્રભુ તમારું હૈયાં સૌના હરખ્યા રે  (૨)

આજ મારાં દેરાસરમાં મોતીડે મેહ વરસ્યા રે (૨)

મુખડું દેખી પ્રભુ તમારું હૈયાં સૌના હરખ્યા રે  (૨)

https://www.youtube.com/watch?v=jw_NfqKPVEI
2016-07-07